

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જીવતાં જીવ બળે છે બાળ અહીં રાજનીતિમાં,*
*દુષ્કર્મોથી રિબાય બાળાઓ અહીં રાજનીતિમાં,*
*રાજનીતિમાં અહીં છે નહીં સત્તા-સ્વાર્થ સિવાય -*
*કટ્ટર નિવેદનો-ગાળાગાળી અહીં રાજનીતિમાં...*

હાઈકુ

*કનડે વધુ*
*સાહેબો કરતાંય -*
*પાલતું શ્વાન...*
*(વચેટિયાઓનો ત્રાસ)*

*બફાવા બીકે*
*અનાવરણ ટાણે -*
*બોલ્યાં બોળકો...*
*(રહી બાંધી મુઠ્ઠી)*

### ચિંતન

**ન હીદશં સંવનનં ત્રિષુ લોકેષુ વિદ્યતે । દયા મૈત્રી ચ ભૂતેષુ દાનં ચ મધુરા ચ વાક્ ॥**

'પ્રાણીમાત્ર પર દયા રાખવી, મૈત્રી સંબંધ રાખવો અને દરેક સાથે મધુર વાણી બોલવી - આ ત્રણ બાબતોથી ત્રણે લોકમાં કોઈ પણ જન પર વશીકરણ જેવી અસર થાય છે.'

કેટલાક લોકો ને જોતાં જ કે તેમનાં સંપર્ક માત્રથી જ આપણને ત્રાસ-કંટાળો-નફરત આવે છે. જયારે લોકોને વારંવાર મળવાનો અને તેમની સાથે સમય વિતાવવાનો આનંદ આવે છે. કેટલાંક વ્યક્તિત્વ આવાં 'વશીકરણ' જેવાં હોય છે.

જે લોકો પ્રાણી માત્ર પર વિનાકારણ પ્રેમ રાખે, દયાભાવ રાખે અને વાત્સલ્ય વરસાવે એ સજ્જન-સંત-સ્વભાવના છે. જંગલી પ્રાણીઓ પણ તેમની આ પ્રેમાળ દૃષ્ટિનો અનુભવ કરી શકે અને તેને વશ થઈ જાય છે.

બધાની સાથે પ્રેમાળ - મધુર વાણી અને સ્નેહનો સંબંધ રાખવાથી સામેની વ્યક્તિનું હૃદય જીતી શકાય છે.

### સુવિચાર

- કોશિશ કરને સે પહેલે ઉમ્મીદ છોડના, જીતને સે પહેલે હાર માનને કે બરાબર હોતા હૈ - **એસ.એમ.એસ.**
- જયાં 'અજ્ઞાન' જ વરદાન હોય ત્યાં બુદ્ધિની વાત કરવી એ પણ એક મૂર્ખતા જ છે - **કેનોપનિષદ**
- જે વ્યક્તિને, સમાજને ધારણ કરી રાખે, તેને છિન્નભિન્ન થતો અટકાવે, અધ:પતનમાંથી બચાવે, અને ઉચ્ચગતિ કરાવે તે ધર્મ - **રંગ અવધૂત**
- લાભ એટલો નુકશાન નથી કરતો પણ લોભયુક્ત લાભ તો ખતરનાક છે - **ઝેન કથન**
- સફલતા ફાઈનલ નથી હોતી, અને નિષ્ફળતા પણ ફાઈનલ નથી હોતી... માટે સતત પ્રયત્નશીલ રહેવું - **ચર્ચિલ**
- જો તમે ખરેખર મનથી સ્વતંત્ર મુક્ત જીવો છો, તો એ કેન્દ્ર પર કોઈ જ પ્રકારનો ભય નથી, એ મન સર્વશક્તિમન છે - **જે. કૃષ્ણમૂર્તિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

કેટલાંક લોકો સદાય, વિના કારણ, કોઈ પણ લાભ વિના પણ જૂઠું જ બોલે છે, એમને એવી ટેવ જ હોય છે. ઘણીવાર તો કોઈ સંદર્ભ-તાર્કિક તૈયારી કે પૂર્વ-અપર સંબંધ વિના પણ જૂઠું જ બોલે છે પણ એમને જરા પણ શરમ-સંકોચ થતો નથી.

મુલ્લાં નસરૂદ્દીન પર ફિરોઝ સો દિનાર માગતો હતો, પણ તે પરત આપવાની નસરૂદ્દીનની પરિસ્થિતિ પણ ન હતી અને ઈચ્છા પણ ન હતી.

એકવાર મુલ્લાં ઘરની બારીમાંથી બહાર જોતા હતા ત્યાં ફિરોઝ મસ્જિદમાંથી નિકળતો દેખાયો. મિયાંને ખબર હતી કે શુક્રવારે એ અચૂક ઉઘરાણી કરવા આવે છે. મિયાંને બારી બંધ કરીને બીબીને કહ્યું - ફિરોઝ હમણાં જ આવશે - એને કહેજે 'મિયાં ઘરમાં નથી.'

ફિરોઝે બૂમ પાડી અને બીબી શિખવ્યા પ્રમાણે 'ઘરમાં નથી' બોલી.

ફિરોઝે ગુસ્સામાં કહ્યું - ચાચી! મિયાંને પાછા આવે ત્યારે કહેજો - પોતાનું ડાચું બારીમાં રાખીને બહાર જાય નહીં - ભેગું લેતા જાય!!

## લોહિયાળ રાજકારણના અણસાર

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે અને દેશ આખો બિહારની વિધાનસભાની ચૂંટણી તરફ કાગડોળે નજર માંડી રહ્યો છે તેવા સમયે ભરૂચના સેવાશ્રમ રોડ પર એક પ્રિન્ટિંગ પ્રેસ ખાતે બે નામાંકિત રાજકીય અગ્રણીઓની ધોળે દિવસે કરાયેલી કરપીણ હત્યા ઘણા બિહામણા ભવિષ્યનો સંકેત છે. શિરીષ બંગાળી અને પ્રજ્ઞેશ મિસ્ત્રી બેઉ ભારતીય જનતા પાર્ટીનાં મહત્ત્વનાં પદ સંભાળી ચૂક્યા છે. આ હત્યા પાછળ કોઈ અંગત અદાવત કારણભૂત છે કે પક્ષનાં આંતરિક વિખવાદને કારણે એમનો કરૂણ અંજામ આવ્યો તે તો પૂરતી પોલીસ તપાસ થયા પછી જ જાણી શકાશે. વિરોધી પક્ષ દ્વારા પણ આવું જઘન્ય કૃત્ય થયું હોય તે શક્યતા નકારી શકાય નહીં. વધુ શક્યતા અંગત અદાવત - 'જર, જમીન અને જોરુ' સંદર્ભની હોવાની થિયરી પણ પોલીસને લાગે તો નવાઈ નહીં. પરંતુ ચૂંટણી પૂર્વે જ આવી જઘન્ય ઘટના બની હોઈ એના પડછંદા રાજકીય વર્તુળોમાં પડ્યા વિના રહેશે નહીં.

### તંત્રીસ્થાનેથી....

સામાન્ય રીતે દક્ષિણ ગુજરાતનાં રાજકીય વર્તુળોમાં આવી ખૂનામરકીના કિસ્સા જોવા મળતા નથી. સૌરાષ્ટ્રમાં પોપટલાલ સોરઠિયા અને વલ્લભભાઈ પટેલ જેવા લોકપ્રિય આગેવાનોને ઠાર મારવાની ઘટનાઓ જેવા અપવાદ સિવાય ગુજરાતનું રાજકારણ આવા લોહિયાળ બનાવોથી મુક્ત રહેવા પામ્યું છે. હરેન પંડ્યાની હત્યા વિશે વળી જુદી જ વાત થઈ શકે એમ છે. પરંતુ બિહારની ચૂંટણી ટાણે અને ગુજરાતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીના વાવર વચ્ચે બનેલી આ હત્યાકાંડની ઘટનાથી જનસમુદાયમાં નકારાત્મક સંદેશ જરુર જવાનો છે. પ્રમાણમાં શાંત ગણાતા ગુજરાતને ૨૦૦૨નાં સાંપ્રદાયિક રમખાણોનું ગ્રહણ લાગ્યું હતું તે આટલાં વર્ષો પછી પણ રાજકારણીઓ માટે મોદી વિરોધી મુદ્દા તરીકે ચલણમાં રહ્યું છે. સામે મોદી ઈંદિરા ગાંધીની હત્યા પછી દિલ્હીમાં શીખોની થયેલી કત્લેઆમ યાદ કરાવતા રહે છે. ધીમે ધીમે 'મોદી મૅજિક' ઓસરવા માંડ્યુ છે, જેનું સૌથી છેલ્લું પ્રમાણ મહારાષ્ટ્રમાં કલ્યાણ-ડોંબીવલી મહાનગરપાલિકાનાં શિવસેના તરફી આવેલ પરિણામોમાં તેમજ મોદીના જ સંસદીય ક્ષેત્ર વારાણસી અંતર્ગત મોદીએ સાંસદ તરીકે દત્તક લીધેલ ગામનાં પંચાયતનાં પરિણામમાં દૃષ્ટિગોચર થાય છે. રાજનાથસિંહ ચૂંટણીનાં પરિણામો આવે તે પહેલાં જ રાષ્ટ્રી ભાજપ-પ્રમુખ અમિત શાહને પાર્ટીના અધ્યક્ષ તરીકે ચાલુ રાખવામાં આવશે, એવું નિવેદન કરીને મોદી અને શાહ - બેઉને મૂંઝવી રહ્યા છે. વિકાસને બદલે ચૂંટણીનો આખેઆખો એજન્ડા ગૌમાંસ અને તંત્રમંત્ર જેવી બિન રાજકીય બાબતો તરફ ફેરવી દઈ ભાજપ ઉઘાડું પડી ગયું છે. એવી સ્થિતિમાં જો બિહારની ચૂંટણીમાં સાનુકૂળ પરિણામો ન મળે તો ગુજરાતમાં પાર્ટી માટે કપરાં ચઢાણ જેવી પરિસ્થિતિ સમજાવાની છે, એમાં શંકાને સ્થાન નથી. પાટીદાર અનામત આંદોલને ગુજરાત ભાજપની કમ્મર તોડી નાખી છે, એ હકીકત છે. ચૂંટણી વખતે અનામત આંદોલનકારો આક્રમક બને એવી શક્યતા નિવારી શકાય એમ નથી. સામા પક્ષે ઓબીસી મતદારોનું કોંગ્રેસ તરફી ધ્રુવીકરણ થઈ રહ્યું છે, એની પણ નોંધ લેવી જ રહી. અત્યાર સુધી સમુંસૂતરું ચાલતું રહેલું 'હિંદુત્વ' ગુજરાતમાં વેરવિખેર થઈ ગયું છે અને લોકો નવા વિકલ્પો શોધી રહ્યા છે, જેમાં ખુદ સત્તાધારી પાર્ટીના સિનિયર આગેવાનોનો પણ છૂપો સાથ હોવાની શક્યતા નકારી શકાય એમ નથી.

## 'સ્માર્ટ સીટી પ્રોજેક્ટ' અર્થાત્ – શ્રેષ્ઠ સુવિધાઓ વત્તા નગરપ્રેમી નાગરિકો ...



વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

ફ્રાન્સના માર્શેલી નામના શહેર વિશે કહેવાય છે કે.. ઈટ્સ બ્યુટી કેન નોટ બી ફોટોગ્રાફડ, ઈટ કેન ઓન્લી બી શેર્ડ. શું છે શેર્ડની (સુંદરતાની વહેંચણી) સંસ્કૃતિ? ... આપણને કશુંક એટલું બધું મનમાં વસી જાય કે આપણે તેની જાહેરાત અને કદર કરવા લાગીએ. સારા વક્તાને સાંભળ્યા બાદ તેણે કહેલી વાત આપણે મુક્તમને જ્યાં જઈએ ત્યાં વહેંચીએ છીએ. આ જ બાબત શહેરને પણ લાગું પાડી શકાય. ગાંધીનગરમાં આવનાર કોઈ પણ નાગરિક ગાંધીનગરની એકાદ બાબત વિશે તો મનમાં સારી છાપ લઈને જાય તો અને તો જ... 'સ્માર્ટ સીટી'નો વિચાર મૂર્તિમંત થયો કહેવાય. માલિકી સિવાયના ધમધમતાં વિશાળ ઘરને 'સ્માર્ટ સીટી' કહીશું?

સાંભળ્યું છે કે ગાંધીનગર નવા રૂપ-રંગ સાથે આવનારા સમયમાં દેશ અને દુનિયાની હરિફાઈ કરવા મેદાને પડી રહ્યું છે. બધું જ સ્માર્ટ હશે... રસ્તા, ગટર, દવાખાના, શોપીંગ અને ઑફિસ. સ્માર્ટનો અર્થ જ થાય છે વધારાની કે નકામી મહેનત કર્યા વિના જીવનધોરણ સરળ અને સુંદર બનાવવું. જેમ કે, પાણીનો બગાડ ન થાય તે માટે જરૂરી બધી ટેકનોલોજી અજમાવવી અને પાણીની બચત કરવી. (૨૦૩૦ સુધીમાં ભારતમાં પાણીની સ્થિતિ ગંભીર સ્વરૂપ લેવાની છે. લગભગ પાણીની તંગી!) આ બધામાં નાગરિક 'સ્માર્ટ' બને તે પણ એટલું જ આવશ્યક છે. વડાપ્રધાનશ્રી ક્યાંય મોડા કે મોરા પડવા માંગતા નથી. એટલે તેમણે કેટલાક પાયાના કાર્યો ભારે ખંત અને આયોજનપૂર્વકના શરૂ કરી દીધા છે.

કોઈ પણ નગરની સુંદરતા તેના નાગરિકોના મનમાં પહેલાં રચાય પછી નકશામાં અને પછી વાસ્તવિકતાની ભૂમિ પર. નાગરિકોનો નગર પ્રત્યે કેટલો ઊંડો પ્રેમ અને આદર છે તેના આધારે નિયત થાય કે નગરનું ભવિષ્ય કેવું હશે. સૌથી પહેલા નાગરિકોએ નાગરિક ધર્મને કેળવવો પડતો હોય છે પછી જ તે કશાનો હકદાર બની શકે. માર્ગ પર પડેલો કચઓ કે નકામી વસ્તુને ઉઠાવીને કચરાપેટીમાં નાખવાની શરમ આવતી હોય તે નગર એક વખત 'સ્માર્ટ' બની જાય પણ તે કાયમી 'સ્માર્ટ' રહી ન શકે. 'સ્માર્ટ સીટી' એ કોઈ એક પક્ષનો વિચાર બનીને રહી જાય તો સમજવું કે હજી આપણે જ્યાં છીએ ત્યાં બરાબર છીએ.

વાસ્તવિકતા પણ એ છે કે દસ વર્ષ પહેલાં ગાંધીનગર માત્ર પાટનગર હતું અને આજકાલ તેણે યુવાનીની સુંદરતા, માદકતા અને જુસ્સો ધારણ કરી લીધો છે. મહાત્મા મંદિરની સામેના સેન્ટ્રલ પાર્કનું બધાને ઘેલું લાગ્યું છે. સવાર-સાંજ અનેક લોકો દિવસભરની મથામણોને ભૂલીને મોજ ફરમાવતા હોય છે. સેક્ટર ૧૯ નું પુનિતવન માત્ર બિલિવન નથી પણ પ્રાત: કાલિન પગદંડીય માર્ગ બનીને બધાને આકર્ષે છે. સેક્ટરના બગીચાઓ પણ સાંજના સમયે વડિલો અને બાળકોથી ઉભરાતા હોય છે. સેક્ટર -૧ નો વિશિષ્ટ ઢોળાવો ધરાવતો બાગ ઉટાકામંડની યાદ અપાવે છે.

દરેક ગાંધીનગરવાસીના ઘરે -ઘરે 'સ્માર્ટ સીટી' એટલે કે ગાંધીનગરને સુંદર, સ્માર્ટ અને ભવ્યતમ બનાવવાના પત્રકો લગભગ વહેંચાઈ ગયા છે. આપણે લોકશાહીમાં સાક્ષીભાવે રહીએ તે કેટલું યોગ્ય ? આપણા જ ધનની મદદથી, આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ્યારે 'સ્માર્ટ-સીટી'નો કંસેપ્ટ (વિભાવના) લઈને આપણા આંગણે આવ્યા હોય અને ત્યારે વિવેક ખાતર પણ આપણે એકાદ ડગ માંડવું જોઈએ.

હવે, આપણને સ્પર્શતી વાત પહેલાં કરી લઈએ. જેમ કે, ગાંધીનગરમાં સાક્ષરતાનો દર ખૂબ સારો છે છતાં પણ ઘણી વખતે ચાર રસ્તા પર નારિયેળ, કોળું કે ભાત કે કોઈ ખાવાની ચીજ (અંધ) શ્રદ્ધાની ચાડી ખાતાં મૂકવામાં આવેલા હોય છે.મંદિરો કે મસ્જિદોમાં એવી પ્રવૃત્તિઓ નિયમીત રીતે થવી જોઈએ જે ગાંધીનગરના વિકાસને પૂરક હોય. ક્યારેક માર્ગ ઉપર દોડાવતા પૂરપાટ વાહનો આપણો શ્વાસ અદ્ધર કરીદેતા હોય છે. આપના યુવા-યુવતીઓને આ અંગે જાગૃત કોણ કરશે ?

ગાંધીનગરનો વિકાસ એની આસપાસના ગામ અને વિસ્તારોના વિકાસ વિના અધૂરો ગણાય. જેમ કે, ગાંધીનગર આસપાસના કેટલાક ગામઓમાં બદીઓ અને બુરાઈઓને ઉત્તેજન મળે તેવું વાતાવરણ નજરે પડે છે. (સરકારના) બધા વિભાગો નિષ્ઠાપૂર્વક કાર્ય યોજનાઓ બનાવી કામગીરી શરૂ કરી દે તો કશું અશક્ય નથી. પોલીસ ડિપાર્ટમેન્ટના આઈ.જી. શ્રી હસમુખભાઈએ નશાખોરીના ધંધાદારીઓની ઊંઘ હરામ કરી હોય તેવું છાપામાં છપાતાં સમાચારો પરથી તો લાગે છે.

ગાંધીનગરમાં અનેક સરકારી કાર્યાલયો આવેલા છે. હજારોની સંખ્યામાં પૂરા ગુજરાતમાંથી અનેક લોકો હાડમારીઓ વેઠીને અંગત કામો અને ગ્રામવિકાસના કામો નીપટાવવા આવે છે. ઉદ્યોગપતિઓથી માંડીને પેન્શનર સુધી, ગામના વિકાસના કામોથી

**અનુસંધાન પાના નં. ૭ પર**

## 'લે થોડું દહીં ખાઈ લે' દહીંના સુકન કરીને જવાથી કામ ફતેહ થાય છે, બાએ વાડકીમાંથી ચમચીભરી દહીં મારા મોંમા આપી દીધું, હું આવા પાખંડોમાં ન માનતો હોવા છતાં બાનું મન રાખવા દહીં ખાઈ ગયો



નવાં કલેવર

નટવર હેડાઉ

હું ડ્રેસિંગ ટેબલ સામે ગળામાં લટકતી ટાઈને સરખી કરતો હતો, તેવામાં બાનો અવાજ સંભળાયો. 'બેટા જતાં મહાદેવનાં મંદિરે થઈને જજે, તારી મનોકામના પુરી થશે.' આ સાંભળી સામે ટીંગાતા મહાદેવના ફોટાને જોઈ મનોમન હસ્યો.

'લે થોડું દહીં ખાઈ લે' દહીંના સુકન કરીને જવાથી કામ ફતેહ થાય છે.' બાએ વાડકીમાંથી ચમચીભરી દહીં મારા મોંમા આપી દીધું. હું આવા પાખંડોમાં ન માનતો હોવા છતાં બાનું મન રાખવા દહીં ખાઈ ગયો. બા ની મમતાળું આંખો મારું મન વિચલિત કરતી હતી.

'સારું હવે જા' બાએ મારી સ્નાતક ડિગ્રી રમતગમત અને કોમ્પ્યુટરનાં પ્રમાણપત્રોની ફાઈલ પકડાવતાં કહ્યું, હું બાને ચરણસ્પર્શ કરી ઘરની બહાર નીકળ્યો.

આજે અખબારમાં શહેરની એક પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈઝરની જગ્યાની જાહેરાત છપાઈ હતી. તે વાંચીને ખુશ થયો.

આજે અખબારમાં શહેરની એક પ્રાઈવેટ કંપનીમાં સુપરવાઈઝરની જગ્યાની જાહેરાત છપાઈ ગઈ. તે વાંચીને ખુશ થયો કે જો વહેલો પહોંચી શરું તો મારા શ્રેષ્ઠ પ્રમાણપત્રો અને યોગ્યતાના કારણે મને નોકરી જરુરથી મળી જશે. તેથી હું સવારથી ઉતાવળ કરતો હતો કે જલ્દી તૈયાર થઈ મારી મંઝીલે પહોંચુ. અચાનક પાછળથી એક અવાજ સંભળાયો. 'એ ટાઈવાળા સાહેબ... આજે શનિવાર છે. શનિદેવને કંઈક દાન કરો.' હું ખીજાઓ અને પાછા ફરીને જોયું તો એક બહુરુપી જેવો માણસ હાથમાં શનિદેવની તસવીર અને વાટકો લઈ મારી તરફ આવતો હતો. તેણે મને ટોક્યો ત્યારે એમ લાગ્યું કે મારા હાથમાંથી કોઈ રોટલી ઝૂંટવી રહ્યું છે.

'શનિદેવને દાન કરવાથી તારા બધા કષ્ટો દૂર થશે. તારી મનોકામનાઓ પુરી થશે. વિચાર ન કર, દાન દીધેલું આગળ આવે છે.' તે બહુરુપી હવે બિલકુલ મારી સામે આવીને ઊભો રહી ગયો હતો.

આ સાંભળી મારા ચહેરા પર આવેલ ખીજ ના ભાવો જરા ઓછા થયા. હું વિચારવા લાગ્યો કે દાન પુણ્ય કરેલ આગળ આવતું હોય તો બા આખી જિંદગી તકલીફો શું કામ ભોગવે છે. બાના દાન પુણ્ય કેમ મારા માટે કામ લાગતા કોણ જાણે કેટલીયે ઓફિસોના પગથિયાં ઘસી નાંખ્યા. સરકારી નોકરી ખુબ પ્રયત્નો છતાં કેમ હાથ લાગતી નથી.

'એય, સાહેબ શું કામ તમારો ને મારો સમય બગાડો છો.' બહુરુપી જરા જોરથી બોલ્યો.

'ઓહ! માફ કરજે ભાઈ, પણ આ પૈસા હું તને દાન નહીં તારી રોજીરોટી માટે આપું છું! ખરેખર માણસને પેટ ભરવા કેવું કેવું કરવું પડતું હોય છે.' મેં ખિસ્સામાંથી પૈસા કાઢી તેના વાડકામાં મુક્તાં કહ્યું, એ પૈસા લઈને જતો રહ્યો.

હું લાંબા ડગલાં ભરતો કંપનીના કમ્પાઉન્ડમાં પહોંચ્યો. માત્ર એક જગ્યા માટે ઉમેદવારોની ભીડ જોઈ આશ્ચર્ય થયું. ઉમેદવારોમાં અમુક ફૅશનેબલ યુવક યુવતીઓ હતા તો અમુક સાદા દેખાતા, કોઈ નર્વસ પણ હતા. કદાચ તેમનો આ પહેલો ઈન્ટરવ્યુ હોય. જયારે અમુક ભાવશુન્ય લાગતા હતા.

જયારે ઈન્ટરવ્યુમાં મારો નંબર આવ્યો ત્યારે મેં મારા કપડાં પર એક નજર નાંખી મગજમાં એ વખતે બા ના આશીર્વાદ ઝબકવા લાગ્યા. અત્યાર સુધી મારો ચહેરો અને મન ભાવશુન્ય અને શાંત હતું. પણ ઈન્ટરવ્યુના ઓરડામાં પ્રવેશતા જ ચહેરા પર અજાણ ભાવ તરવરવા લાગ્યો. મન બેચેન થવા લાગ્યું. ઈન્ટરવ્યુ લેનારાઓ જે પુછતાં ગયા તેનો હું જવાબ આપતો રહ્યો. કમિટીમાં બેઠેલાએ પોતાની ઔપચારિકતાઓ પુરી કરી મને જવા માટે કહ્યું. હું બહાર નીકળતાં વિચારતો હતો કે કદાચ પાસ થઈ જઈશ. એવું વિચારતો હું બહાર ખુરશી પર બેઠો.

મારા પછી એક આકર્ષક ફૅશનેબલ યુવતીનો નંબર હતો. ઈન્ટરવ્યુમાં જતાં પહેલાં તેને પર્સમાંથી અરીસો અને લિપસ્ટીક કાઢી. લિપસ્ટીક હોઠ પર ફેરવી અરીસામાં જોઈ વાલ સરખા કર્યા. લિપસ્ટીક ને પર્સમાં મુકી લટકમટક કરતી તે ઓરડા તરફ ચાલવા લાગી. તેના ચહેરા પર સ્મિત હતું. લગભગ દશ પંદર મિનિટ પછી યુવતી એ જ સ્મિત સાથે બહાર નીકળી અને તે સાથે જ પટાવાળાએ જાહેરત કરી કે મિસ ઉર્વશીને સિલેક્ટ કરવામાં આવેલ છે.

મારા ચહેરા પર હતાશાની જગ્યાએ સ્મિત આવી ગયું. સામેની દિવાલ પર એક ફોટો ટીંગાડેલો હતો. તેમાં એક સાધુ તપસ્યામાં લીન અને એક નર્તકી તેની તપસ્યા ભંગ કરવા માંગતી હતી. હું ઘર તરફ ઝડપથી આગળ વધ્યો.

દિવસ આથમવા લાગ્યો હતો. રસ્તામાં પેલો બહુરુપી દેખાયો જે દિવસભરની થયેલ કમાણી ફૂટપાથ પર બેસીને ગળી રહ્યો હતો. તે ખુશ લાગતો હતો.

ઘેર જઈ જોયું તો બા સ્વેટર ગુંથવામાં લીન હતા. હું બાને કંઈ કહ્યા વિના સીધો મારા ઓરડામાં જતો રહ્યો અને ફાઈલને એક તરફ ફેંકી સાહેબવાળા કપડાં કાઢવા લાગ્યો. બા મારો ઉતરેલો ચહેરો જોઈ બોલ્યાં. 'બેટા તું ચુપચાપ અંદર કેમ આવતો રહ્યો. હું કયારની તારી રાહ જોતી હતી. ચાલ, કપડાં બદલી લે હું તારા માટે ચ્હા બનાવી લાવું છું.'

હું ડ્રેસિંગ ટેબલ સામે ઊભો રહી મારું શર્ટ ઉતારતો હતો. ત્યાં રસોડામાંથી અવાજ આવ્યો. 'બેટા દિવાળી આવે છે, મકાન બહારથી તો નવું લાગે છે. પણ અંદર દિવાળીનું પ્લાસ્ટર ઉખડી રહ્યું છે. તેથી થોડું રિનોવેશન કરાવવું છે.'

અરીસામાં મારી નજર મેં પહેરેલ બનિયાનમાં પડેલાં કાણાં પર ગઈ. બનિયાન જર્જરીત લાગતી હતી. મારી અને મકાનની સ્થિતિ મને સરખી લાગી. બહુરુપીનો પેલો ટાઈવાળો સાહેબ અને કયાં હું...

અચાનક બા નો અવાજ સાંભળી મારો અંતરાત્મા તૂટ્યો. 'લે ચ્હા પી લે... તારા ઈન્ટરવ્યુનું શું થયું?' એજ જે અત્યાર સુધી તમારા આશીર્વાદનું થાય છે. મેં ગરમ ચ્હાનો ઘુંટડો ભરતાં કહ્યું.

'અરે, કલેકટર સાહેબ શું વિચારમાં ડુબી ગયો છો. તમારી ચ્હા ઠંડી થઈ ગઈ.' પત્નીનો અવાજ સાંભળી વિચારોના વમળમાંથી નીકળી હસતાં હસતાં હું ચ્હા પીવા લાગ્યો.

- vanvihari@gmail.com

## બંપર બૉનસ...!! આઠ ટુકડાના પિત્ઝાની આઠ ગણી ખુશીઓ...!!



Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

'આજે ધોવા માટે વધારે કપડાં કાઢતાં નહીં, શાંતાબેન બે દિવસની રજા પર છે...' આરતીબેને કામવાળી નહીં આવે એની નોટીસ જાહેર કરી દીધી. 'કેમ...??' એવા ઉદ્ગાર વાચક સાથે મોં વકાસીને પતિ પથિકભાઈ બોલી ઉઠ્યા.

પત્ની : નવરાત્રી છે ને તે આઠમનો હવન કરવા ગામડે જાય છે, તેની દીકરી અને તેના છોકરાઓને મળવા જવાની છે અને હા નવરાત્રીના તહેવાર માટે એને ૫૦૦ રૂપિયા બૉનસ આપું?

પતિ : કેમ? હવે ૨૦ દિવસ પછી દિવાળી આવે જ છે, ત્યારે પણ બૉનસ તો આપવું જ પડશે ને?

પત્ની : અરે ગરીબ છે બિચારી, લોકોના કચરાં-પોતાં-વાસણ કરી ઘર ચલાવે છે. દીકરીને મળવા જાય છે, તો એને પણ સારું લાગશે અને મોંઘવારીમાં આટલા રૂપિયાથી તો બિચારી શું તહેવાર ઉજવશે?

પતિ : ડાર્લિંગ, તું જરુર કરતાં વધારે જ દયાળું થઈ જાય છે.

પત્ની : ચિંતા ન કરો, હું કાંઈ વધારાના પૈસા નથી માંગતી. આજે સાંજે આપણે ડોમિનોઝમાં પિત્ઝા ખાવા જવાનો પ્રોગ્રામ હતો એ હું કેન્સલ કરી નાંખુ છું. રબર જેવા એ ગોળ રોટલાના આઠ ટુકડામાં ખાલીખોટા ૫૦૦ રૂપિયા ઉડી જશે!

પતિ : અરે વાહ... એટલે અમારા મોંમાંથી પિત્ઝા છીનવીને એ શાંતાબેન કામવાળીના થાળીમાં, એમ જ ને?

ત્રણ દિવસ બાદ ઘરમાં પોતાં કરતાં શાંતાબેનને જોઈને પથિકભાઈ બોલી ઉઠ્યા, 'કેવી રહી રજાઓ, આઠમનો હવન કરી આવ્યાં? મજા આવી?'

કામવાળી : બહુ સારી રહી હોં સાહેબ એ રજાઓ... આરતીબેને ૫૦૦ રૂપિયા બોનસના આપેલા ને તે ખૂબ જ કામમાં આવી ગયા.

પતિ : ગામડે દીકરી-જમાઈને મળી આવ્યાં એમને? તમારા પૌત્રો તો રાજી થઈ ગયાં હશે?

કામવાળી : અરે, સાહેબ ખૂબ જ મજા આવી, બે દિવસમાં ૫૦૦ રૂપિયા ખર્ચી નાખ્યાં.

પતિ : એમ? શું કર્યું ૫૦૦ રૂપિયાનું? જરા કહો તો ખરાં?

કામવાળી : દીકરીના આઠમાં ધોરણમાં ભણતા છોકરા માટે ૧૫૦ રૂપિયાનો શર્ટ લીધો. બાલ મંદિરમાં ભણતી બેલી માટે ૪૦ રૂપિયાની ઢીંગલી, દીકરીને મિઠાઈ લેવા ૫૦ રૂપિયા આપ્યાં, ૫૦ રૂપિયાનો મંદિરનો પ્રસાદ ચઢાવ્યો. આવવા જવાનુ ભાડું ૬૦ રૂપિયા થયું. ૨૫ રૂપિયાની બંગડી દીકરીને અપાવી. જમાઈને ૫૦ રૂપિયાનો બેલ્ટ અપાવ્યો. અને વધેલા ૭૫ રૂપિયા દીકરીના બાળકોને નોટબુક - પેન્સિલ લેવા માટે આપી દીધા... પોતાં કરતાં કરતાં એણે આખો હિસાબ પથિકભાઈને મોંઢેમોઢ આપી દીધો, અને બીજા રૂમમાં પોતાં કરવા નીકળી ગયાં...

પતિ : ૫૦૦ રૂપિયામાં આટલું બધું?

એના મનમાં વિચારચક્ર ચાલુ થયું. એની નજર સામે ડોમિનોઝના ચોરસ બોક્સમાં પૅક કરેલા ગોળ પિત્ઝાના આઠ ત્રિકોણ ટુકડાઓ કોઈએ તારામંડળથી ચકરડીને પેટવી હોય અને જેમ સડસડાટ ગોળ ફરવા માંડે એમ જ ગોળ ઘુમરી ખાઈ રહ્યાં હતા.



પહેલો ટુકડો છોકરાના શર્ટનો,
બીજો ટુકડો દીકરીના મીઠાઈનો,
ત્રીજો મંદિરમાં ચઢાવેલા પ્રસાદનો,
ચોથો સરકારી બસમાં ચુકવેલા ભાડાનો,
પાંચમો પ્લાસ્ટિકની ઢીંગલીનો,
છઠ્ઠો દીકરીને અપાવેલી બંગડીઓનો,
સાતમો જમાઈને લીધેલા બેલ્ટનો,
અને આઠમો નોટબુક-પેન્સિલનો...

આજ સુધી પથિકે પિત્ઝાની એક જ બાજુ જેના પર કેપ્સિકમ, મશરુમ, ડુંગળી, ટમેટા, સૉસ સાથે છીણીને ભભરાવેલું અઢળક ચિઝ સાથે થાળીમાં આવેલો પિત્ઝા જ જોયો હતો. પિત્ઝાની બીજી બાજુ કેવી હોય છે, કામ કરીને બેવડ વળી ગયેલા કામવાળીના પીઠ જેવી હોય છે એ જોવાનો પ્રયત્ન પણ કર્યો નહોતો...

પરંતુ આજે શાંતાબેન પિત્જાની બીજી બાજુ દેખાડી દીધી હતી. પિત્ઝાના આઠ ટુકડા સામે, જિંદગીની આઠ ગણી ખુશીઓ આ બેને એક પિત્ઝાના કિંમતમાં મેળવી હતી...



ઘણાં સમય પહેલાં હિન્દીમાં વાંચેલી આ વાત દિવાળીએ એટલા માટે યાદ આવી ગઈ કે ભગવાને આપેલું આપણા પાસે ઘણું બધું છે. આ તહેવારો કોઈ કામવાળી, માળી, ડ્રાઈવર, સ્વિપર, રસ્તા પર વસ્તુ વેચતાં ફેરિયા કે આપણને આખું વર્ષ હેલ્પ કરતાં આપણા આ હેલ્પરોને શું એક પિત્ઝા જેટલું બોનસ ન આપી શકીએ? આપણા માટે નગણ્ય લાગતી કિંમતમાં તો એમનો આખો તહેવાર ઉજવાઈ જતો હોય છે અને ફરી પાછું આખું વર્ષ કામ કરવાની એનર્જી પણ મળી જાય છે!!

આખું વર્ષ આપણો પડ્યો બોલ જીલવા ઊભા રહેતાં પટ્ટાવાળા કે જેમના ભરોસે આપણે ગાડીમાં પગ લાંબા કરીને સુઈ જઈએ એવાં ડ્રાઈવર, પોતાની ઊંઘ આપણા માટે ખર્ચતા ચોકીદાર કે આપણી સ્કિન સુંવાળી રાખવા કપડાં ધોઈ પોતાના હાથ ખરબચડાં કરતી કામવાળી... આ બધાં આપણાં સમાજના સાથીદારો જ છે... એક કિલો કાજુ કતલી કે એક બીગ સાઈઝના પિત્ઝાની કિંમતમાં આમની દિવાળી ઝળહળી ઉઠે છે!

બસો-અઢીસોની ટિકીટ ખર્ચી એક ભંગાર પિક્ચર જોવા કરતાં એટલા રૂપિયાનું બોનસ આપીને આપીને એમની હેપ્પી ફેમિલીનો સરસ ફોટોગ્રાફ ખેંચી શકીએ છીએ... ચાર રસ્તા પર કે મંદિર બહાર ભીખ માંગતા ભિખારી કરતાં પાથરણું પાથરીને માટીના કોડિયાં, રંગોળી, આસોપાલવના તોરણ કે અન્ય વસ્તુ વેચીને પોતાની ખુદ્દારી બતાવતાં એ દરેક ફેરિયા પાસેથી વધુ ભાવતાલ ન કરતાં થોડી વસ્તુ ખરીદી લઈએ તો પણ એ એના માટે આડકતરું બોનસ જ બની રહેશે.

**એ તો બહુ દિલદાર હતી, હું જ એક કંજૂસ નિકળ્યો, એણે તો ભરી લાગણીઓ, હું જ કેવો હિસાબી નિકલ્યો!**

આર્થિક રીતે પગભર થયેલા કે અતિ સમૃદ્ધ પરિવાર ધામધૂમથી દિવાળી ઉજવે એનો આનંદ જ હોય, આપણે જો બ્રાન્ડેડ કપડાં લાવીએ કે કિંમતી મિઠાઈ લાવીએ તો એને પણ એના ભાગ જેટલી રકમ આપી રાજી રાખીએ... 'ચેરિટી બિગીન્સ એટ હોમ' એવું કહેવાય છે, તો આખું વર્ષ આપણી સેવામાં ખડેપગે હાજર રહેતાં આ રિઅલ કર્મયોગીને બંપર બોનસ મળવું જોઈએ, શું કહો છો?

ચૂંટલો :

કામવાળાને બૉનસ આપતાં જો હાથ પાછો પડે તો જરાં આપણાં ફાલતું ખર્ચા ચૅક કરી લેવા, બની શકે કે 'જીવન માટે ખર્ચ' કે 'ખર્ચ માટે જીવન' સમજાઈ જાય અને બંને ઘરે દિવાળીનો ઝળહળતો ઉજાસ થાય!